**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૭ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૧૭ ટકા

# આજે શહેરમાં રામનવમી ભકિતભાવથી ઉજવાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના રામ મંદિર તેમજ વિવિધ મંદિરોમાં રામનવમીની ઉજવણીના વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. શહેરના મંદિરો સવારથી જ રામ ભકતોથી ઉભરાશે તેમજ મંદિરના પ્રાંગણ જય શ્રી રામના નારાથી ગુંજી ઉઠશે. ચૈત્રી નવરાત્રીના પવિત્ર દિવસો ચાલી રહ્યા છે ત્યારે શહેરના વિવિધ મંદિરમાં રામનવમીના વિવિધ ધાર્મિક કાર્યકર્મોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભગવાન રામની પૂજન વિધી, રામધુન, ભજન-કિર્તન, મહાઆરતી, આનંદના ગરબા, વીએચપી અને બજરંગ દળ દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે નગરના મંદિરોમાં બપોરે ૧૨ કલાકે રામનવમીની ભકતો દ્વારા ભકિતભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવશે.

છેલ્લા અઠવાડીયાથી ભકિત અને શકિતના આરાધનાનું પર્વ ચૈત્રી નવરાત્રી ચાલી રહી છે. ઘર તેમજ મંદિરોમાં ભકતો દ્વારા સવાર-સાંજ પૂજન અર્ચન કરવામાં આવે છે. ચૈત્રી નવરાત્રીમાં આઠમનું વિશેષ મહત્વ હોય છે ત્યારે માતાજીની આઠમ અને રામનવમી હોવાથી આ દિવસ અતિ મહત્વનો બની જવા પામે છે. જયારે આઠમ અને રામનવમી હોવાથી ભકતોમાં પણ અનેરો આનંદ જોવા મળી રહ્યો છે. નગરમાં ચૈત્રી નવરાત્રીના પાવન દિવસોમાં સેકટરોમાં માતાજીના આનંદના ગરબા, સહિત ધાર્મિક કાર્યક્રમો મંદિરમાં યોજાય છે. ગાંધીનગરથી અંબાજી જવા માટે ત્રણ થી વધુ પગપાળા સંઘ પણ અંબાજી જવા માટે ગાંધીનગરથી પ્રસ્થાન કરી ચુક્યા છે. ત્યારે શહેરના સેકટર-૧૭ હનુમાનજી મંદિર, પંચદેવ મંદિર, જલારામ મંદિર, વાવોલ રામજી મંદિર, સે-૨૧ સંકલ્પ સિધ્ધ હનુમાનજી મંદિર સહિતના મંદિરમાં રામનવમીની ઉજવણીનું વિશેષ આયોજન કરવામાં આવ્યા છે. જેમાં શહેરના મંદિરોમાં બપોરે ૧૨ કલાકે મહાઆરતી, મર્યાદા પુરષોત્તમ રામની પૂજનવિધી, આનંદના ગરબા, ભાગવત કથા, રામધુન, ભજન-કિર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે. રામભકતોથી મંદિરો ઉભરાશે તોમજ શ્રી રામના નારાથી મંદિરના પ્રાંગણ ગુંજી ઉઠશે. શહેરમાં રામનવમીને પગલે સવારથી સાંજ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમોને પગલે નગરમાં ધાર્મિક વાતાવરણ સર્જાશે અને ભકતો દ્વારા નગરમાં ભાવપૂર્ણ માહોલમાં રામનવમીની ઉજવણી કરવામાં આવશે.






## શાહપુર પ્રાથમિક શાળાને સ્વચ્છતા એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા.૨૪

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગાંધીનગર નજીકની શાહપુર પ્રાથમિક શાળાને ગાંધીનગર તાલુકાનો શાળા સ્વચ્છતા એવોર્ડ પ્રમાણપત્ર અને સાધન સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર સ્થિત જીસીઈઆરટી અને જિલ્લા શિક્ષણ તથા તાલીમ ભવન દ્વારા દર વર્ષે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જિલ્લાની સૌથી સ્વચ્છ શાળાને એવોર્ડ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૭-૧૮ માટે પણ આ એવોર્ડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર તાલુકાની શાહપુર પ્રાથમિક શાળાએ તાલુકા કક્ષાએ દ્વિતીય સ્થાન હાંસલ કર્યું છે. શિક્ષણ વિભાગના અધિકારીઓએ શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિને શાળાનો આ સ્વચ્છતા એવોર્ડ અર્પણ કર્યો હતો. ઉપરાંત પ્રમાણપત્ર અને સ્વચ્છતાના સાધનો વિકસાવવા માટે રૂ. ૧૦૦૦૦નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.



સમર્પણ કોલેજના એનએસએસ યુનિટના ૪ દિવસીય કેમ્પનો આજે આદિવાડા ખાતે શુભારંભ થયો હતો. આ પ્રસંગે આદિવાડાની સરકારી પ્રાથમિક શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરી હતી.

## વાતવાતમાં

● વિશ્વ ક્ષય દિને યોજાયેલ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તેમના ઉદબોધનમાં મંચ પરના મહેમાનોના સંબોધનમાં ગાંધીનગરના મેયરને જ હાજર હોવા છતાં ભુલી ગયા હતા.

● ગાંધીનગરના સે-૧૩માં સરકારી બાળગૃહમાં રહેતો ૧૪ વર્ષીય રાહુલ વિજયભાઈ દંતાણી ગુમ થવાપામ્યો છે. આ ઉપરાંત ગાંધીનગરના પ્રભુપુરા ગામે રહેતા મા-દિકરો ગુમ થતા તે અંગેની ફરિયાદ દિકરાના મામાએ ડભોડા પોલિસ સ્ટેશને નોંધાવી છે.

# ચિલોડામાં ઘર આંગણેથી લપસી પડતા આધેડનું કરૂણ મૃત્યુ

## ચિલોડા ગ્રામ પંચાયતમાં બોર ઓપરેટર તરીકે સેવા આપતા કર્મચારીના મૃત્યુથી પંચાયતમાં શોકનો માહોલ

ગાંધીનગર, તા.૨૪

ચિલોડા ગામના પ્રવેશદ્વાર ઉપર પગી વાસમાં રહેતા ચિલોડા ગ્રામ પંચયાતના બોર ઓપરેટરનું ગઈ રાત્રે ઘર આંગણે લપસી જતા પડી જવાથી કરૂણ મૃત્યુ નિપજયું હતું. ઘર આંગણે પાળી ઉપર બેસવા જતા અચાનક ચકકર આવવાથી પગ લપસ્યો અને આરસીસી રોડ પર ઉંધા માથે પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી તેમનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. ચિલોડા પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ચિલોડામાં રહેતા ૪૫ વર્ષીય મોહનજી નેનાજી ઠાકોર ચિલોડા ગ્રામ પંચાયતમાં બોર ઓપરેટર તરીકે સેવા આપતા હતા. ગઈ કાલે રાત્રે પોતાના ઘરે જમી-પરવારીને હાથ પગ ધોઈને મોહનજી ઘર આંગણે પાળી ઉપર બેસવા જતા હતા તે દરમિયાન અચાનક ચકકર આવી જતા પાળી ઉપરથી ગબડીને આરસીસી રોડ ઉપર ઉંધા માથે પટકાયા હતા. આ ઘટનામાં માથે કપાળના ભાગે તેમને ગંભીર ઈજાઓ થતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા. જો કે હસ્પિટલમાં તબીબે તેમનો મૃત જાહેર કરતા પરિવારજનોમાં સન્નાટો છવાઈ ગયો હતો. આ ઘટનાથી પરિવારજનો તથા ગ્રામ પંચાયતમાં આજે શોકનો માહોલ છવાઈ ગયો હતો. ચિલોડા પોલિસે મૃતદેહ પીએમ કરાવીને ઘટના અંગે વધુ તપાસ શરુ કરી છે.

## સ્વામિનારાયણ પોલિટેકનિક ખાતે કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા

ગાંધીનગર, તા. ૨૪

શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક ખાતે ડીપ્લોમાં એન્જીનીયરીંગની ઈલેકટ્રીકલ, મીકેનીકલ અને ઓટોમોબાઈલ એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ માટે ભારતની ખ્યાતનામ એવી રાણે એનએસકે સ્ટીયરીંગ કંપની દ્વારા તારીખ ૨૩ અને ૨૪ માર્ચ ૨૦૧૮ના રોજ કેમ્પસ ઈન્ટરવ્યું યોજવામાં આવ્યા હતા. જેમાં વિવિધ કોલેજોના જુદી જુદી શાખાઓના ૨૦૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. શરૂઆતમાં કંપની દ્વારા વિદ્યાર્થીઓને કંપની વિષે પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી. કંપનીનું ઉત્પાદન તેનુ બજારમાં કાર્ય વિષે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. કંપનીના એચ.આર. મેનેજર રવિચંદ્રને જણાવ્યું હતું કે રાણે એનએસકે સ્ટીયરીંગ કંપની દ્વારા જાપાનીઝ કંપની સાથે જોડાણ કરેલ છે અને છેલ્લા ૨૧ વર્ષથી ખ્યાતનામ ઓટોમોબાઈલ કંપનીઓ માટે સ્ટીયરીંગ સીસ્ટમ અને એન્જીન વાલ્વ સપ્લાય કરે છે. ટુંક સમયમાં સાણંદ ખાતે કંપનીનો પ્લાન્ટ શરૂ થનાર હોઈ આ કેમ્પસ ઈન્ટરવ્યું યોજાયા હતા.જેમાં જુદી જુદી શાખાઓના ૪૦ જેટલા વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.



સમગ્ર કેમ્પસ ઈન્ટરવ્યુનું સંસ્થાના એકેડમિક ડાયરેક્ટર ભાવિક શાહ, સંજય શર્મા તથા સ્ટાફ મિત્રો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

## હનુમાન જયંતિએ જલારામ મંદિરે મારૂતિ યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૨૪

હનુમાન જયંતિના પાવન પર્વે ગાંધીનગરના લોહાણા યુવા સંગઠન દ્વારા સેકટર-૨૯ જલારામ મંદિર ખાતે ચૈત્ર સુદ પૂનમે તા. ૩૧મી માર્ચ ૨૦૧૮ના રોજ સવારે મારૂતિ યજ્ઞ યોજાશે. જેમાં બેસવા ઈચ્છુક ભાવિક ભકતો વિશેષ જાણકારી માટે નિલેષ પુજારા ૯૮૨૪૨૬૦૨૮૬, પાર્થ ઠકકર ૯૮૨૫૬૦૮૭૪૪, અમીત હાલાણી ૭૩૫૯૧૦૪૨૯૩, જીતેન્દ્ર ઠકકર ૯૫૭૪૭૪૫૧૪૬, જીજ્ઞેશ મજીઠીયા ૯૮૨૫૪૭૦૦૪૪ અથવા જલારામ મંદિર ૨૩૨૨૩૬૧૪નો સંપર્ક કરી શકે છે તેમ નિલેષ પુજારાએ જણાવ્યું છે.

# બોગસ કાગળો રજુ કરીને સંપાદિત થયેલી જમીન છોડાવવાનો પ્રયાસ

ગાંધીનગર, તા.૨૪

અડાલજ નજીકના સુઘડ ગામમાંથી સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા વર્ષ ૧૯૮૧માં એક ખેડૂતની સવા હેકટર જમીન એકવાયર કરવામાં આવી હતી પરંતુ ત્યાં હજુ કાંઈ બન્યું ન હોવાથી જમીન પરત મેળવવા ખેડુતે સરકારને રજુઆત કરી હતી. દરમિયાન દશ દિવસ પહેલા આ સંપાદીત જમીન છોડવાનો નિર્મદા નિગમના મેનેજરની સહી વાળો બોગસ હુકમ કોઈ તત્વો દ્વારા રજુ કરીને સંપાદીત થયેલી જમીન છોડાવવાનો પ્રયાસ કરી છેતરપીંડીનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું ધ્યાને આવ્યું છે. નર્મદા નિગમના મેનેજર (લેન્ડ)એ સેકટર-૭ પોલિસ સ્ટેશનમાં અજાણ્યા તત્ત્વો સામે ફરિયાદ આપતા પોલિસે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ સુઘડ ગામની સીમમાં આવેલી સર્વે નં. ૯૪ની આશરે સવા હેકટર જમીન સરતાનભાઈ નથુભાઈ રબારીની હતી તે વર્ષ ૧૯૮૧માં સરદાર સરોવર નર્મદા નિગમે સંપાદન કરી હતી. નર્મદા કેનાલ બનાવવાના હેતુસર સંપાદિત કરાયેલી આ જમીનમાં હજુ સુધી કાંઈ બન્યુ નથી. જે અનુસંધાને સરતાનભાઈ તથા તેમના વારસદારો નારણભાઈ અને રણછોડભાઈએ આ જમીન પરત મેળવવા ગત વર્ષે મુખ્યમંત્રીને અરજી આપી હતી. નિગમમાં આ મામલે દરખાસ્ત પણ થઈ હતી તે દરમિયાન ૧૫મી માર્ચે નવા સચિવાલય ખાતે સરદાર સરોવર નિગમના લેન્ડ મેનેજર વિઠ્ઠલભાઈ ખીમજીભાઈ અજમેરાને તેમનો સિનિ. કલાર્ક કરણસિંહ ચૌહાણ મળવા આવ્યો અને તેમની સાથે અન્ય બે વ્યકિતઓ પણ હતા. કલાર્કે કહ્યું કે સુઘડની આ જમીન પરત કરવાની છે. તેનો હુકમ લઈને આવ્યા છે. નર્મદા નિગમના લેટર પેડ ઉપર લેન્ડ મેનેજરની સહી વાળો આ હુકમ હતો. આ લેટરમાં લેન્ડ મેનેજરે કયારેય સહી કરી જ નથી છતાં પોતાની સહી કેવી રીતે આવી તે જોઈને અચંબામાં પડી ગયા હતા. આ બાબતે લેન્ડ મેનેજરે ખરાઈ કરાવતા ખબર પડી કે આ બોગસ હુકમ બનાવી જમીન પરત મેળવવાનો પ્રયાસ થયો છે. આ મામલે લેન્ડ મેનેજર વિઠ્ઠલભાઈએ સે-૭ પોલિસ સ્ટેશનમાં અજાણ્યા વ્યકિતઓ સામે ફરિયાદ નોંધાવતા પોલિસે ઊંડી તપાસ શરુ કરી છે.

## આજે કલાગુર્જરી શ્રીદેવીની યાદોની 'ચાંદની' પાથરશે

ગાંધીનગર, તા. ૨૪

સંસ્કારી નગરી ગાંધીનગરની કલાપ્રેમી જનતા સમક્ષ અવનવા કાર્યક્રમો રજુ કરવા હંમેશા પ્રયત્નશીલ ગાંધીનગરની સંસ્થા 'કલા ગુર્જરી' દ્વારા તેના અગીયારમાં વર્ષની છઠ્ઠા અને છેલ્લા કાર્યક્રમ તરીકે આપણી વચ્ચેથી તાજેતરમાં જ વિદાય લીધેલ સૌની માનીતી અને લોકપ્રિય ફીમેલ સુપરસ્ટાર શ્રીદેવીને શ્રદ્ધાંજલી આપતા અને તેની ફિલ્મોના મસ્ત ગીતોથી છલકાતા કાર્યક્રમ 'ચાંદની'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જાણીતા અને સુરીલા કલાકારો દર્શના ગાંધી સાથે રાગ મહેતા અને દેવર્શી સોનેજીના કંઠે રજુ થનારા આ કાર્યક્રમમાં સંગીત સંચાલન રીશીન સરૈયાનું રહેશે અને લોકપ્રિય ઉદઘોષક મોહસીન શેખ દ્વારા કાર્યક્રમનું રસદર્શન કરાવવામાં આવશે.

કલા ગુર્જરીના સભ્યો માટે આ કાર્યક્રમ તા. ૨૫ માર્ચ, ૨૦૧૮ને રવિવારના રોજ રાત્રે ૯.૩૧ કલાકે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં ઉપસ્થિત રહેવા અને નવા વર્ષનું સભ્યપદ મેળવી લેવા સૌ સભ્યોને અને નવા થનાર કલાગુર્જરીના પ્રમુખ એન.પી. પટેલે અનુરોધ કરેલ છે.

સભ્યપદના ફોર્મ કાર્યક્રમના સમયે ટાઉનહોલ ખાતે સ્વિકારવામાં આવશે તેવુ સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ગાંધીનગર ખાતે વિશ્વ ક્ષય દિવસની ઉજવણી સંપન્ન

## આરોગ્યકર્મીઓને ટેબ્લેટ તથા ટી.બી. અંગે શ્રેષ્ઠ પ્રદાન કરનાર વ્યકિતઓને એવોર્ડ વિતરણ : ટેકો મોબાઈલ એપ લોન્ચ કરાઈ

ગાંધીનગર, તા.૨૪

નાયબ મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વર્ષ ૨૦૨૫માં ક્ષયમુકત ભારત નિર્માણમાં ગુજરાત અગ્રીમ ભૂમિકા અદા કરીને તે પહેલાં ક્ષય મુક્ત ગુજરાત બનશે તેવી આશા વ્યક્ત કરી હતી.

આજે ગાંધીનગર ખાતે વિશ્વ ક્ષય દિવસની ઉજવણીનો શુભારંભ કર્યા બાદ મંત્રી શ્રી પટેલે ઉમેર્યું હતું કે, ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારી યોજનાઓ તેમજ પ્રોજેક્ટોને એક પડકાર તરીકે ઉપાડીને હાથ પર લે છે તેના ઘણાં સુભગ પરિણામો મળે છે. તેમના ક્ષય મુક્ત ભારતના નિર્માણમાં પણ ગુજરાત સક્રીય યોગદાન આપશે. ક્ષય રોગના નિવારણ માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિ વ્યક્તિ દીઠ રૂ. ૧૮ લાખની દવા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી રહી છે. તેનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરીને ટી.બી. નિર્મૂલનમાં જન ભાગીદારી કેળવી છે. રાજ્યમાં ૧.૪૬ લાખ દર્દીઓ ટી.બી.ના નોંધાયા છે. જે સંભવિત ૧.૮૦ લાખ છે તે તમામને શોધવામાં આરોગ્યકર્મીઓ સક્રીય યોગદાન આપીને તમામને શોધીને ઘરે-ઘરે જઈ સારવાર આપશે તો ચોક્કસ ગુજરાત વર્ષ ૨૦૨૫ પહેલાં ટી.બી. મુક્ત ગુજરાત બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.







આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પૂનમચંદ પરમારે કહ્યું હતુ કે, ટી.બી.નાબૂદી સારવારમાં ગુજરાતે ૮૯ ટકા સિદ્ધિ હાંસલ કરી છે. વડાપ્રધાનશ્રીના ટી.બી.મુક્ત ભારત ૨૦૨૫ના લક્ષ્યને ગુજરાત તે પહેલાં પૂર્ણ કરશે. આગામી સમયમાં જિલ્લા, તાલુકા CTC, PHC અને ગ્રામ્ય સુધી ટી.બી. નાબૂદીના લક્ષ્યાંક નક્કી કરાશે. "ટી.બી. હારેગા ઔર જીતેગા ગુજરાત"ને સાથે મળીને સાકાર કરીશું તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

આરોગ્ય વિભાગના અગ્ર સચિવ, આરોગ્ય કમિશનર શ્રી ડૉ. જયંતિ રવિએ ટી.બી. મુક્ત ગુજરાત વિઝન ટુ એકશન રજૂ કરતા કહ્યું હતું કે, વર્ષે ટી.બી.ના કારણે સૌથી વધુ મૃત્યુ નોંધાયા છે. ગુજરાતમાંથી ટી.બી. નાબૂદી-મુક્તિ માટે ખાસ વ્યૂહ રચનાઓ ઘડવી પડશે તેમાં વિવિધ માધ્યમો સહિત તમામની જન ભાગીદારી જરૂરી છે. ટી.બી. નાબૂદી અને તેના દર્દીની ઓળખમાં ગુજરાત અગ્રેસર છે.

આરોગ્ય વિભાગના અધિક નિયામક શ્રી પરેશ દવેએ સ્વાગત પ્રવચન કરીને ટી.બી. નિર્મૂલન માટે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલ કામગીરીની વિગતો આપી હતી. તેમણે વડાપ્રધાનશ્રી દ્વારા સમગ્ર દેશમાંથી ૨૦૨૫ સુધીમાં ટી.બી. મુક્ત ભારત નિર્માણની જે આહલેક જગાવી છે. તેમાં પણ ગુજરાત અગ્રેસર ભૂમિકા અદા કરે તેવી આશા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં ટી.બી. પ્રભાવિત અને હાલમાં સંપૂર્ણ રોગ મુક્ત બનેલાં યુવા વિદ્યાર્થી એવા અશ્વિનકુમારે પોતાના સુખદ પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્યો સર્વશ્રી શંભુજી ઠાકોર અને ડૉ. સી.જે. ચાવડા, મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ સહિત સમગ્ર રાજ્યમાંથી મોટી સંખ્યામાં તબીબો-આરોગ્ય વર્કરો ઉપસ્થિત રહ્યાં હતા.

## @ગાંધીનગર

● મા મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩-સીના શ્રીમતી મધુબેન કે. કડકરના કંઠે તા. ૨૫મી માર્ચના રામનવમીના દિવસે સે-૩-બી, તારાબેન પરમારના નિવાસસ્થાને પ્લોટ નં. ૩૫૬/૧ ખાતે બપોરે બાર કલાકે આનંદનો ગરબો યોજાશે જયારે સે-૬માં કલહરમાતાના મંદિરમાં બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આયોજીત સંકલ્પ શૌર્ય રેલી સવારે ૮.૩૦ કલાકે જલારામધામથી પ્રસ્થાન થશે.

● સે-૨૧ સંકલ્પસિધ્ધ હનુમાન મંદિર ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ અંતર્ગત અમૃતકથા સવારે ૯.૩૦ થી ૧૨ અને સાંજે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે. પોથીયાત્રા સવારે ૯ કલાકે પંચદેવ મંદિરથી નીકળી સંકલ્પ સિધ્ધિ હનુમાનજી મંદિરે પહોંચશે.

● જય બુટ ભવાની ગરબા મંડળ દ્વારા બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો બદ્રિશભાઈ કે. રાવળ પ્લોટ નં. ૮૦૮ સેંટ ઝેવિયર્સ સ્કુલની સામે, સે-૮ ખાતે યોજાશે.

● સે-૨૯ જલારામ મંદિર ખાતે સવારે ૯ થી ૧ દરમિયાન રકતદાન શિબિર અને બપોરે ૧૨ કલાકે મહાઆરતી યોજાશે.

● ત્રિદલ સંસ્થાની માર્ચ મહિનાની માસિક બેઠક સાંજે ૫ કલાકે પ્લોટ નં. ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન, સે-૨૧ ખાતે મળશે.

● સે-૨-બી ચંદ્રમૌલેશ્વર મંદિર પાસે સવારે ૭ થી ૯ કલાક દરમિયાન કડવા લીમડાનો રસ પીવડાવાશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ અંતર્ગત મહાવીર જયંતિ, ગુડ ફ્રાઈડે, હનુમાન જયંતિ તેમજ રામનવમીની ઉજવણી કરવામાં આવે છે. જેમાં બાળકોને આ તહેવારનું મહત્વ તથા તેની ઉજવણી વિશે જાણકારી આપવામાં આવે છે. જે અંતર્ગત સે-૧ બગીચા ખાતે, ગાયત્રી મંદિર પાછળ બપોરે ૧૨.૩૦ કલાકે તેમજ સે-૭ બગીચો, સુવિધા કચેરી પાસે સાંજે ૬.૧૫ થી ૭.૩૦ કલાક દરમિયાન કાર્યક્રમ યોજાશે.

● સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે રામનવમી અંતર્ગત ભવ્ય રામનવમી સમૈયો યોજાશે. જે અંતર્ગત બપોરે ૧૨ કલાકે શ્રી રામ જન્મોત્સવ આરતી, રાત્રે ૮.૩૦ કલાકે કિર્તન ભકિત, રાત્રે ૯.૧૫ કલાકે રાસોત્સવ (કલાકાર-ભીખુદાન ગઢવી) તથા રાત્રે ૧૦.૧૦ કલાકે શ્રી ઘનશ્યામ જમનોત્સવ આરતીનો કાર્યક્રમ યોજાશે.

## સંસ્કાર ગ્રુપ દ્વારા જુદા જુદા 'ડે' ઉજવાયા

ગાંધીનગર, તા.૨૪

સંસ્કાર ગ્રુપ દ્વારા જુદા જુદા 'ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. જેમાં સે-૨ પ્રાથમિક શાળા તથા ધોળાકુવા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સાથે વિશ્વ ચકલી દિવસ, આંતરરાષ્ટ્રીય વન ડે તેમજ વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોને સ્લોગન કાર્ડ બતાવી તેમની સાથે વાર્તાલાપ કરી દરેક દિવસના મહત્વ વિશે સમજાવવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. લાડુબેન જેઠાભાઈ ચૌહાણ, ઉ.વ. ૯૪
- સ્વ. પરમાર મફતલાલ વરૂભાઈ, ઉ.વ. ૭૬
- સ્વ. ઠાકોર મોહનજી નેનાજી, ઉ.વ. ૫૮
- સ્વ. ભટ્ટ હરકાન્તભાઈ ઈન્દ્રવદન, ઉ.વ. ૫૯